ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ચરોતરમિત્ર



સંતરામપુરમાં સરકારી જમીન પરના દબાણો મુદ્દે તંત્રની લાલ આંખ, પરંતુ એકને ગોળ બીજાને ખોળની નીતિ

# સંતરામપુરના ગોઠીબમાં ૩૦૦થી વધુ લોકોને દબાણ મામલે નોટિસ ફટકારતાં હલ્લાબોલ

**પેઢીઓથી** વસતા પરિવારો અને કરોડોના શોપિંગ સેન્ટરો પર તવાઈની શક્યતા



(પ્રતિનિધિ) સંતરામપુર તા.૧૦
મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ગોઠીબ ગ્રામ પંચાયત વિસ્તારમાં સરકારી જમીનો પર થયેલા દબાણો મામલે વહીવટી તંત્ર દ્વારા આક્રમક વલણ અપનાવવામાં આવ્યું છે. સંતરામપુર મામલતદાર દ્વારા ગામના અંદાજિત ૩૦૦થી વધુ આસામીઓને મકાન અને દુકાન સહિતના ગેરકાયદે બાંધકામો મુદ્દે કારણદર્શક નોટિસો ફટકારવામાં આવતા દબાણકર્તાઓમાં ભારે ગભરાટ અને રોષ જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા આ દબાણો ખુલ્લા કરવા માટે સાત દિવસમાં ખુલાસો માંગવામાં આવ્યો છે, જેને પગલે અંદાજે ૪૦૦ કરોડથી વધુના નુકસાનની ભીતિ સેવાઈ રહી છે.

ગોઠીબ ગામના રહીશોમાં તંત્રની આ કામગીરી સામે અનેક સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે તેઓ આઝાદીના સમયથી, પેઢીઓ દર પેઢી અહીં વસવાટ કરી રહ્યા છે. આ મકાનો પર તેઓ પંચાયત વેરો, લાઈટ બિલ અને પાણી વેરો પણ ભરે છે. આટલું જ નહીં, આ જ મકાનો અને જમીનો પર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો પણ આપવામાં આવ્યા છે. ત્યારે આટલા વર્ષો સુધી મૌન રહ્યા બાદ હવે અચાનક ચોમાસાના સમયે નોટિસ આપીને ઘરવિહોણા કરવાની પેરવી સામે લોકોમાં ભારે આક્રોશ છે.

### ભૂમાફિયાઓનો રાફડો અને આર્થિક નુકસાન

સૂત્રોના જણાવ્યા અનુસાર, ગોઠીબમાં મોકાની સરકારી પડતર જમીનો પર મસમોટા શોપિંગ સેન્ટરો બનાવીને ભૂમાફિયાઓ ભારે કમાણી કરી રહ્યા છે. મીલીભગતથી સરકારી જમીન પરના પાકા મકાનોનું વેચાણ પણ થતું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જો આ ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવે તો સરકારને મોટો ફાયદો થઈ શકે તેમ છે, પરંતુ તેની સામે સામાન્ય ખેડૂતો અને રહીશોની હાલત કફોડી બની શકે તેમ છે.

રાષ્ટ્રીય ફલક પર ડંકો | ઇનોવેટિવ પ્રોજેક્ટ્સની રાષ્ટ્રીય સ્તરે લેવાઈ વિશેષ નોંધ

# ડાલી પ્રા. શાળા દેશની ટોપ-૧૦ 'સ્વચ્છ - હરિત' શાળામાં સામેલ

**ગુજરાતની** ૧૫ શાળાઓ પૈકી ડાલી શાળા રાજ્યમાં ટોપ-૫માં ઝળકી







(પ્રતિનિધિ) આણંદ તા.૧૦
સોજિત્રા તાલુકાની ડાલી પ્રાથમિક શાળાએ શિક્ષણ જગતમાં નવો ઈતિહાસ રચ્યો છે. ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલા 'સ્વચ્છ એવમ હરિત વિદ્યાલય રેટિંગ' (SHVR) ૨૦૨૫-૨૬માં આ શાળાએ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત કરી સમગ્ર ગુજરાતનું નામ દેશભરમાં રોશન કર્યું છે. દેશભરની કુલ ૧૯૧ પસંદગી પામેલી શાળાઓમાં ગુજરાતની ૧૫ શાળાઓનો સમાવેશ થયો છે, જેમાં ડાલી પ્રાથમિક શાળા રાજ્યમાં ટોપ-૫ અને રાષ્ટ્રીય સ્તરે ટોપ-૧૦ ક્રમાંકમાં સ્થાન મેળવવામાં સફળ રહી છે.

રાષ્ટ્રીય કક્ષાની મૂલ્યાંકન સમિતિએ શાળાની રૂબરૂ મુલાકાત લઈને અનેક પાસાઓની ઝીણવટભરી તપાસ કરી હતી. શાળામાં વિદ્યાર્થીઓ માટે શુદ્ધ આરઓ પાણી, કુમાર-કન્યા અને દિવ્યાંગ બાળકો માટે આધુનિક સેનિટેશન, અને હેન્ડ વોશ સ્ટેશન જેવી પાયાની સુવિધાઓની સાથે મિશન લાઈફ અંતર્ગત પર્યાવરણલક્ષી કામગીરીની ચકાસણી કરવામાં આવી હતી. ખાસ કરીને શાળામાં કાર્યરત સોલર પેનલ, રેનવોટર હાર્વેસ્ટિંગ, કિચન ગાર્ડન અને ઔષધીય બાગ જેવી સુવિધાઓએ રાષ્ટ્રીય સમિતિનું ધ્યાન ખેંચ્યું હતું.

ડાલી શાળાની સૌથી મોટી વિશેષતા અહીંના બાળકો દ્વારા જ ચલાવવામાં આવતી 'બાળ અદાલત' અને વિવિધ સમિતિઓ છે. શાળાના સંચાલનમાં બાળકોની સક્રિય ભાગીદારી લોકશાહી મૂલ્યો અને નેતૃત્વના વિકાસનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. રાષ્ટ્રીય સમિતિએ બાળકો સાથે સીધો સંવાદ કરીને આ મોડેલની પ્રશંસા કરી હતી.

### ટીમ વર્ક અને રચનાત્મક અભિગમ

આણંદ જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતીના માર્ગદર્શન અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો. અર્ચનાબેન પ્રજાપતિની દેખરેખ હેઠળ આચાર્ય જીગ્નેશભાઈ પ્રજાપતિના નેતૃત્વમાં શાળામાં અનેક પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે. 'મારી શાળા સ્વચ્છ શાળા', સો ટકા હાજરી ધરાવતા બાળકોનું સન્માન અને બાળકોના જન્મદિવસે સાબુની ભેટ આપવાની પરંપરાએ શાળાને એક આગવી ઓળખ આપી છે.

### ટીમ વર્ક અને બાળકોની મહેનતનું પરિણામ છે

આ સિદ્ધિ અંગે શાળાના આચાર્ય જીગ્નેશભાઈ પ્રજાપતિએ હર્ષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ પુરસ્કાર એ શાળાના તમામ શિક્ષકો અને 'બાળ અદાલત'ના બાળકોની રાત-દિવસની મહેનતનું પરિણામ છે. શાળામાં ચાલતા 'પંચામૃત' જેવા પ્રોજેક્ટ્સ બાળકોના આરોગ્ય અને સ્વચ્છતા પ્રત્યેની જાગૃતિમાં મહત્વનો ભાગ ભજવે છે.

### શાળાની વિશેષતાઓ જેણે એવોર્ડ અપાવ્યો

- રાજ્યમાં ટોપ-૫ અને દેશમાં ટોપ-૧૦માં સ્થાન
- મિશન લાઈફ અને પર્યાવરણલક્ષી પ્રકલ્પોમાં ઉત્કૃષ્ટતા
- સોલર પેનલ અને રેનવોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ
- પ્લાસ્ટિક મુક્ત શાળા અને કિચન ગાર્ડન
- કલર કોડ મુજબની કચરાપેટીઓનો સચોટ ઉપયોગ

મધ્ય ગુજરાત વીજ કંપનીની પ્રિ-મોન્સૂન કામગીરી માત્ર કાગળ પર?

# ડાકોરમાં 'વિકસિત ગુજરાત'ના દાવાઓ વચ્ચે અંધારપટ

**દર શુક્રવારે** મેન્ટેનન્સના નામે કલાકો સુધી પાવર કટ, જનતામાં રોષ

(પ્રતિનિધિ) ડાકોર તા.૧૦
યાત્રાધામ ડાકોરમાં છેલ્લા કેટલાક સમયથી વીજળીના ધાંધિયાએ માઝા મૂકી છે. એક તરફ સરકાર ૨૪ કલાક અવિરત વીજ પુરવઠાના દાવા કરે છે, ત્યારે બીજી તરફ ડાકોરમાં સામાન્ય વરસાદમાં પણ લાઈટો જતી રહેતા તંત્રની પોલ ખુલી ગઈ છે. દર શુક્રવારે મેન્ટેનન્સના બહાને સવારથી બપોર સુધી વીજ પુરવઠો ઠપ કરી દેવાતા સ્થાનિકો અને લાખો શ્રદ્ધાળુઓ હાલાકી ભોગવી રહ્યા છે.

ડાકોરમાં વીજ કંપની દ્વારા કરવામાં આવતી પ્રિ-મોન્સૂન કામગીરી માત્ર કાગળ પર જ થઈ હોય તેવું ચિત્ર સ્પષ્ટપણે ઉપસી રહ્યું છે. શુક્રવારે રથયાત્રા કે અન્ય મેન્ટેનન્સનું બહાનું કાઢીને સવારથી જ લાઈટો બંધ કરી દેવામાં આવે છે, છતાં સામાન્ય વરસાદ પડતાની સાથે જ વીજળી ગુલ થઈ જાય છે. આ અંધેર વહીવટને કારણે હોટેલો, ગેસ્ટ હાઉસ, શાળાઓ અને ટ્યુશન ક્લાસમાં આવતા બાળકો તેમજ વૃદ્ધો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

સ્થાનિક રહીશોનો આક્ષેપ છે કે અન્ય શહેરોમાં અવિરત વીજળી મળતી હોય તો ડાકોર જેવા મોટા યાત્રાધામમાં જ કેમ આટલા ધાંધિયા છે? મેન્ટેનન્સના નામે દર અઠવાડિયે કલાકો સુધી વીજ કાપ ઝીંક્યા પછી પણ જો વીજ પુરવઠો ખોરવાતો હોય, તો અધિકારીઓ શું કામગીરી કરે છે તે મોટો પ્રશ્ન છે. ગ્રામજનોની માંગ છે કે મધ્ય ગુજરાત વીજ કંપનીના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ડાકોર ઓફિસની યોગ્ય તપાસ કરવામાં આવે અને વારંવાર થતી વીજ સમસ્યા તેમજ વોલ્ટેજના વધ-ઘટમાંથી મુક્તિ અપાવવામાં આવે.

યાત્રાધામ ડાકોરમાં ભગવાન રણછોડરાયજીના દર્શન માટે અનેક મહાનુભાવોની સતત અવર જવર રહેતી હોય છે. આમ છતાં વીજ કંપનીના ધાંધિયા યથાવત્ રહ્યાં છે.

# લુણાવાડા પાસે કારની ટક્કરે એક્ટિવા ચાલકનું કરુણ મોત

**સજ્જનપુર શનિદેવ** મંદિર પાસે અકસ્માત સર્જી કાર ચાલક વાહન મૂકી ફરાર

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૦
મહીસાગર જિલ્લાના લુણાવાડા-મોડાસા હાઈવે રોડ પર સજ્જનપુર શનિદેવ મંદિર પાસે પૂરઝડપે આવી રહેલી એક અલ્ટો કારે એક્ટિવાને જોરદાર ટક્કર મારતા, એક્ટિવા ચાલક આધેડનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

લુણાવાડાના રહીશ ગટુભાઈ પૂજાભાઈ મકવાણા પોતાના એક્ટિવા પર સજ્જનપુર શનિદેવ મંદિર પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન પૂરપાટ ઝડપે ધસી આવેલી અલ્ટો કાર (નંબર: GJ 31 A 5161) ના ચાલકે એક્ટિવાને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો.

આ ટક્કર એટલી જોરદાર હતી કે ગટુભાઈને માથા તેમજ શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર અર્થે લુણાવાડા કોટેજ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે મોડાસાની યુનિટી હેલ્થ વન હોસ્પિટલના આઈસીયુમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

આ અકસ્માત સર્જ્યા બાદ કાર ચાલક પોતાનું વાહન ઘટનાસ્થળે જ મૂકીને નાસી છૂટ્યો હતો. આ મામલે મૃતકના પુત્ર ધર્મેશકુમાર મકવાણાએ લુણાવાડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ફરાર કાર ચાલક વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદના નાવલી ખાતે યુવા શક્તિ દ્વારા વ્યસનમુક્ત ભારતનો સંકલ્પ કાર્યક્રમ યોજાયો



**આણંદ** | આણંદના બ્રહ્માકુમારીઝ દ્વારા આયોજિત પ્રેરણાદાયી કાર્યક્રમમાં NSS અને NCCના ૧૬૩ કેડેટ્સે ઉત્સાહભેર ભાગ લીધો હતો. રાજયોગ મેડિટેશન દ્વારા મનોબળ મજબૂત બનાવી વ્યસન જેવી કુટેવોથી દૂર રહેવાની સરળ પદ્ધતિ સમજાવવામાં આવી હતી. તમામ કેડેટ્સે સ્વયં વ્યસનમુક્ત રહી સમાજ અને રાષ્ટ્રને નશામુક્ત બનાવવા માટે સક્રિય યોગદાન આપવાના શપથ લીધા હતા. બ્રહ્માકુમારી પૂજા બહેનના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમથી યુવાનોમાં નવી જાગૃતિ અને સકારાત્મક વિચારોનો સંચાર થયો હતો.

### ડાકોરમાં રબારી સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

**ડાકોર** | ડાકોરના રઘુવીર ધામ ખાતે ચરોતર માળકાંઠા પાંત્રીસ ગામ રબારી સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધોરણ ૧ થી ૧૨ના વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે મોમેન્ટો તેમજ શૈક્ષણિક ચોપડાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ અવસરે ઉપસ્થિત યુવાનોને તેમની ઉજ્જવળ કારકિર્દીના ઘડતર માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. વડવાળા મંદિર અને ચરોતર રબારી સમાજના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદ જિલ્લા તપોધન બ્રાહ્મણ સમાજ દ્વારા શૈક્ષણિક કાર્ય સંપન્ન કરાયો



**આણંદ** | આણંદ જિલ્લા તપોધન બ્રાહ્મણ સમાજ દ્વારા આયોજીત જ્ઞાતિજનોના સમાજના બાળકોના શૈક્ષણિક ઉત્કર્ષના ભાગરૂપે 15મા વર્ષે તેજસ્વી તારલા બહુમાન તથા વિનામૂલ્યે ચોપડા દફતર વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં 300થી વધુ પરિવારે ભાગ લીધો હતો. આ સમારંભમાં ખેડા જિલ્લા ભાજપ કારોબારી દિનેશભાઈ ભટ્ટ, છ ગામ તપોધન પ્રગતિ મંડળના પ્રમુખ નવિનભાઈ સેવક, પ્રકાશભાઈ દીપકભાઈ રાવલ, બાલકૃષ્ણભાઈ ભટ્ટ, રવિશંકરભાઈ એમ. વ્યાસ, દિનાબહેન રાવલ, જ્યોતિબહેન રાવલ વિગેરે મહાનુભાવો હાજર રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન ટ્રેઝરર પરેશભાઈ સેવકે કર્યું હતું.

### આણંદની સાલ્વેશન આર્મી શાળામાં 'પ્રવેશોત્સવ'ની ઉજવણી: ભૂલકાંઓનું ઉમળકાભેર સ્વાગત



**આણંદ** | આણંદ સ્થિત ધી સાલ્વેશન આર્મી હાઈસ્કુલમાં રાજ્યવ્યાપી શિક્ષણ અભિયાન હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭ના શૈક્ષણિક સત્રનો મંગલ પ્રારંભ 'શાળા પ્રવેશોત્સવ'ની ભવ્ય ઉજવણી સાથે કરવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાન મયુરભાઈ સુથારે બાળકોને દેશનું ભવિષ્ય ગણાવી, પ્રાથમિક શિક્ષણને જીવનનો મજબૂત પાયો ગણાવ્યો હતો અને વાલીઓને શિક્ષણ પ્રત્યે જાગૃત રહેવા અપીલ કરી હતી. આ પ્રસંગે લાયસનિંગ ઓફિસર રજની ગાંધી અને સીઆરસી મનિષાબેને શિક્ષણની ગુણવત્તા તથા સરકારી યોજનાઓ વિશે માહિતી આપી હતી. શાળાના સંચાલક મેજર અનિલ, પ્રિન્સિપાલ રાકેશ પરમારના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.

### આણંદની મદ્રસા હાઈસ્કૂલ ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઇ



**આણંદ** | આણંદના મોટા મદ્રસા સંચાલિત મદ્રસા હાઈસ્કૂલમાં પ્રથમ મહિલા મેયર દીપિકાબેન પટેલની મુખ્ય ઉપસ્થિતિમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. આ પ્રસંગે ધોરણ-9 અને 11 ના નવા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપી આવકારવામાં આવ્યા હતા તથા તેજસ્વી વિદ્યાર્થીઓ અને ૧૦૦% હાજરી ધરાવતા બાળકોનું સન્માન કરાયું હતું. મુખ્ય અતિથિએ શાળાના મેનેજમેન્ટ અને દીકરીઓના શિક્ષણના પરિણામોની પ્રશંસા કરી પ્રેરક પ્રવચન આપ્યું હતું.

### કુંજરાવના ખોબલીપુરા પ્રાથમિક શાળામાં ૧૫ દીકરીઓના શિક્ષણનો પુન: આરંભ કરાયો

**આણંદ** | કુંજરાવના ખોબલીપુરા પ્રાથમિક શાળા ખાતે 'શાળા પ્રવેશોત્સવ' અંતર્ગત નવા પ્રવેશેલા બાળકોનું કુમકુમ તિલક અને શૈક્ષણિક કીટ આપી હર્ષોલ્લાસ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્ય વિજયભાઈ ભોઈએ શિક્ષણથી વંચિત ૧૫ વિદ્યાર્થિનીઓને GSOS પોર્ટલ દ્વારા ઓપન સ્કૂલમાં પ્રવેશ અપાવી તેમના શિક્ષણનો પુન: પ્રારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિતોને કન્યા શિક્ષણનું મહત્વ સમજાવી દીકરીઓને નિયમિત અભ્યાસ માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના સ્ટાફ સહિત ગામની મહિલા અને ગ્રામજનોએ ભાગ લીધો હતો.



### બાલાસિનોર પાલિકામાં ધારાસભ્યની ઉપસ્થિતિમાં વિવિધ યોજનાઓના લાભાર્થીઓનો કાર્યક્રમ યોજાયો

**બાલાસિનોર** | બાલાસિનોરના ધારાસભ્ય માનસિંહ ચૌહાણ અને નગરપાલિકા પ્રમુખ ગાયત્રીબેન ત્રિવેદીની અધ્યક્ષતામાં શહેરના વિકાસ અને લોકકલ્યાણ અર્થે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શહેર પ્રમુખ ભાવેશભાઈ માનવાણી, ઉપપ્રમુખ હિતેષભાઇ ભરવાડ અને કારોબારી અધ્યક્ષ પરષોત્તમદાસ કટારીયા સહિતના પદાધિકારીઓ ગરિમામય ઉપસ્થિતિ રહી હતી. આ કાર્યક્રમમાં દંડક વીરેન્દ્રસિંહ ચૌહાણ, નગરપાલિકાના સભ્યો અને અગ્રણીઓની હાજરીમાં સરકારી યોજનાઓના સુચારુ અમલીકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.




### ઓડની હાઈસ્કૂલમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરાઇ




**આણંદ** | આણંદના ઓડમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી કાર્તિકભાઈ કાચાના હસ્તે નવા પ્રવેશિત બાળકોને શાળામાં પ્રવેશ કરાવાયો હતો. આ પ્રસંગે દાતાઓ તરફથી પાઠ્ય પુસ્તકોનું વિતરણ અને વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરી કાર્યક્રમને હર્ષોલ્લાસથી ઉજવાયો હતો. અંતે પર્યાવરણના જતન માટે શાળા પરિસરમાં મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરીને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

### કપડવંજમાં ભારત વિકાસ પરિષદ દ્વારા ૭૦ તેજસ્વી તારલાઓનું ઇનામ વિતરણ કરી સન્માન કરાયું



**કપડવંજ** | ભારત વિકાસ પરિષદ કપડવંજ શાખા દ્વારા ઉદ્યોગપતિ દીપકભાઈ તલાટી અને મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં તેજસ્વી તારલા ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સંસ્થાના બાલ મંદિરથી ધોરણ ૧૨ સુધીના કુલ ૭૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. પૂર્વ પ્રમુખ ગોપાલ શાહે શિક્ષણને જ સાચી મૂડી ગણાવી વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શિસ્ત, નિયમિતતા અને સમયપાલનનો મંત્ર આપ્યો હતો. શાંતિલાલ પ્રજાપતિના સંચાલન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

### કપડવંજ અલવા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને સમર્પણ ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે ચોપડા વિતરણ કરાયાં



**કપડવંજ** | કપડવંજની અલવા પે સેન્ટર શાળાના ધોરણ 6 થી 8 ના તમામ વિદ્યાર્થીઓને સમર્પણ ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરાયું હતું. ગણપતસિંહ રાઠોડ, નિલેશભાઈ પટેલ અને શૈલેષભાઈ સોનીએ ઉપસ્થિત રહી બાળકોને ઉત્સાહપૂર્વક અભ્યાસ કરવા પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને જરૂરી સામગ્રી પૂરી પાડી તેમના ગુણવત્તાસભર શિક્ષણને પ્રોત્સાહન આપવાનો હતો. શાળાના આચાર્ય, શિક્ષકો અને વાલીઓએ ટ્રસ્ટની આ સેવાકીય પહેલને બિરદાવી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

**ચાનોર ગ્રામ પંચાયત**
**જાહેર હરાજી**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે મોજે ચાનોર તા. માતર જિ.ખેડા ગામે આવેલ ઈન્દીરાનગરીની બાજુમાં જર્જરિત પાણીની ટાંકીના કાટમાળની જાહેર હરાજી તા. ૨૦-૭-૨૦૨૬ને સોમવારે બપોરે ૧-૦૦ કલાકે ગ્રામ પંચાયત ચાનોર મુકામે રાખેલ હાઈ હરાજીની તમામ શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે. જર્જરીત પાણીની ટાંકીની અપસેટ કિંમત રૂ. ૨૦૬૦/- અંકે બે હજાર સાઈઠ પુરા.

તલાટી કમ મંત્રી
ચાનોર ગ્રામ પંચાયત
તા. માતર જિ. ખેડા

સરપંચશ્રી
ચાનોર ગ્રામ પંચાયત
તા. માતર જિ. ખેડા